# આજે ભાદરવા સુદ ત્રીજ એટલે કેવડા ત્રીજ

ભારતીય સંસ્કૃતિમાં જીવનશૈલીને એવી રીતે સાંકળી છે કે હસતાં રમતાં પરિવાર સમાજમાં સારી રીતે જીવન પસાર થાય વાર માસ વર્ષની એવી ગોઠવણી કરી જેમાં



આરોગ્યની સાથે અન્ય જીવો-વૃક્ષો-છોડનું જ નહીં જળ-પથ્થરને પણ દૈવત્વ સ્વરૂપ આપી તેની પુજા-અર્ચનાનું મહત્વ દર્શાવ્યું છે એટલું જ નહીં તેને દેવ-દેવી એ રીતે સાથે જોડી દીધા જેથી તેનું પણ જતન-ઉછેર રક્ષણ થાય ભાદરવા માસની રામદેવપીરના નોરતાથી શરૂઆત થઈ આજે ભાદરવા સુદ ત્રીજ એટલે કેવડાત્રીજ કે હરિતાલિકા વ્રત જેના વિષે આપણે થોડું મહત્વ જાણીએ હરિતા નામની સખી ઉપરથી વ્રતનું હરિતાલિકા વ્રત નામાભિધાન થયું છે . આ વ્રત નેકેવડાત્રીજ પણકહે છે,આ ભાદરવા સુદ ત્રીજના દિવસે આવે છે . આ વ્રત કુમારિકા અને પરિણીત સ્ત્રી બંને માટે છે .પરિણીત સ્ત્રી અખંડિત સૌભાગ્યની વૃધ્ધિ માટે અને ઉમા –મહેશ્વરની પ્રસન્નતા અર્થે આ વ્રત કરે છે .અખંડ સૌભાગ્ય અને પતિ તરફથી ઉત્તમ સુખ તથા રિધ્ધિ –સિધ્ધીએ પ્રત્યેક આર્ય નારીના જીવનની અભિલાષા હોય છે,કુમારિકા પોતાને યોગ્ય પતિ મળે તે માટે કેવડા ત્રીજનું વ્રત કરે છે.પાર્વતીજીએ પણ વિશ્વેશ્વર મહાદેવને પોતાના પતિ તરીકે પામવા આ દિવસે વિધિ વિધાનપૂર્વક આ વ્રત ઉપવાસ કરીને સદા શિવની પુજાઅર્ચના વિધિ કરી હતી .આથી તેઓ શંકર જેવા સ્વામીને પામ્યા હતા .

**પ્રસંગસર**

**યશપાલસિંહ વાઘેલા**

આ દિવસે પરિણીત સ્ત્રી કે કુમારિકાએ પ્રાતઃ કાળે ઉઠી તલ અને આમળાના ચૂર્ણથી સ્નાન કરવું અને રેશમી વસ્ત્ર પરિધાન કરી શિવજીના મંદિરે જઈ કેવડાનું પુષ્પ શિવલિંગ પર ચડાવીને વિવિધ મંત્રો દ્વારા એમની અંગપૂજા કરવી, તેમજ ધૂપ, દીપ,નૈવેધ, વગેરે પ્રેમપૂર્વક અર્પણ કરવું. પ્રદક્ષિણા કરી પુષ્પાંજલિ અર્પવી. પરિણીત સ્ત્રીએ નિર્મળ મનથી,પવિત્ર ભાવથી શિવ - વંદના કરી ,અખંડ સૌભાગ્ય પ્રાપ્ત થાય અને રિધ્ધિ -સિધ્ધી સાંપડે એવી પ્રાર્થના કરવી .આ દિવસે ફળાહાર કરવો,જો શક્ય હોય તો નકોરડો ઉપવાસ કરવો, બ્રહ્મચર્યનું પાલન કરવું અને શિવજીના ધ્યાનમાં આખો દિવસ વ્યતીત કરવો .શિવજીને એક દિવસ પાર્વતીએ પૂછ્યું;' પ્રભુ !કાળબળની સામે ટકી રહેનાર એવું ક્યૂ વ્રત છે કે જેનાથી અખંડ સૌભાગ્યની પ્રાપ્તિ થાય ?'શિવજી કહે'; દેવી! હરિ તાલિકા વ્રત છે. એનું વિધિવિધાન આ પ્રમાણે છે.' અખંડ સૌભાગ્ય ઈચ્છતી પરિણીત સ્ત્રીએ ભાદરવા સુદ ત્રીજના રોજ આ વ્રત કરાય. તમે તે વ્રત મને પામવા માટે કેવી રીતે કરેલું તે યાદ છે ને ? તમે ૧ ૨ વર્ષ શીર્ષાસન કર્યું હતું ,૬ ૪ વર્ષ સુધી માત્ર પાનનો જ આહાર કર્યો હતો. શિયાળામાં પણ ઠંડા પાણીએ સ્નાન કર્યું



હતું. ઉનાળામાં અસહ્ય તાપ વેઠી અન્ન -જળ નો ત્યાગ કર્યો હતો. તમે આવી ઉગ્ર તપશ્ચર્યા કરી હતી ત્યારે ભગવાન વિષ્ણુએ તમારું માગું નાખ્યું હતું. 'આપણાં બંનેના લગ્ન થયા એ કોના પ્રતાપે ?તમે જાણો છો ?તમારી પ્રિય સખી 'હરિતા' ના પ્રતાપે,એટલે જ આ વ્રતનું નામ 'હરિતાલિકા' છે. કેવડાત્રીજ એટલે કેવડા નું માહાત્મ્ય .દર ભાદરવા સુદ ત્રીજના દિવસે કેવડા સાથે શિવ - પાર્વતીનું પૂજન કરવું અને મંદિરમાં કેવડો મૂકવો. સૌભાગ્ય શૃંગાર ચીજવસ્તુઓનું બ્રાહ્મણોને દાન આપવું.

હે દેવી ! તમે આ વ્રતના ફળસ્વરૂપ અને ભક્તિભાવપૂર્વક અને શ્રધ્ધાપૂર્વક કરવાથી સૌભાગ્યવતી સ્ત્રીને તેમજ કુમારિકાને મંગલઅને સુખદાયી જીવનનું સૌભાગ્ય મારી કૃપાથી સાંપડે છે, અને મનોકામનાઓ પૂર્ણ થાય છે . શિવભક્તિમાં જેટલું ઉત્તમ બળ હશે , તેટલુ જ તેનું ઉત્તમ ફળ મળે છે. એવી એક કિવદંતી છે કે આ સુગંધિત કેવડા પુષ્પે એક વિવાદાસ્પદ ઘટના ઘટી હતી ત્યારે અસત્ય બોલીને સાક્ષી આપી હતી આથી શિવજીએ ક્રોધાવેશમાં કેવડા ને શાપ આપ્યો કે ; 'હે કેવડા પુષ્પ !તું અતિ સુગંધિત હોવા છતાં હવે તને કોઈ પણ દેવપૂજામાં સ્થાન નહિ મળે.પૂજારીઓ કે પ્રજાજનો તને પૂજામાં નહિ ચડાવે ,અને કોઈ ભૂલથી પણ કેવડા પુષ્પ ચડાવશે તો તારાથી થયેલ પુજાનો પણ કોઈ દેવ કે દેવી સ્વીકાર નહિ કરે.

'શિવજીના શાપનો ભોગ બનેલો બિચારો કેવડો તે દિવસ થી ત્યાજ્ય બન્યો, વર્જ્ય બન્યો.

કહેવાય છે કે ,ભાદરવા સુદ ત્રીજના દિવસે પાર્વતીજીએ ભૂલથી ભગવાન શંકરને કેવડા નું પુષ્પ ચડાવી ભક્તિભાવપૂર્વક તેમનું અર્ચન - પૂજન કર્યું .તે દિવસથી શિવજીએ જાહેર કર્યું કે ભાદરવા સુદ ત્રીજના દિવસે જે કોઈ પોતાને કેવડા પુષ્પ ચડાવશે તેનો આ એક જ દિવસ પૂરતો સ્વીકાર કરીશ .આ પ્રકારે, વર્જ્ય સુગંધિત કેવડા પુષ્પને વર્ષમાં આ એક જ દિવસ ભગવાન સદાશિવની પૂજામાં સૌભાગ્ય પ્રાપ્ત થયું અને કેવડા - પુષ્પનું જીવન સાર્થક થયું .આમ, ભાદરવા સુદ ત્રીજના રોજ શંકર ભગવાનને કેવડા પુષ્પ પ્રેમપૂર્વક ભાવિક ભક્તો ધરાવે છે.

# ગુજરાત સાહિત્ય સંગમ ગાંધીનગર દ્વારા આનલાઈન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦ 'કાવ્ય સંગમ ગોષ્ઠિ' તારીખ ૨૨મી ઓગસ્ટ, ૨૦૨૦ને સાંજે ૪ વાગ્યે યોજાશે. જેમાં સૌ ભાવકો અને સાહિત્ય પ્રેમીઓને અમારું ભાવભીનું આમંત્રણ છે.

જેમાં લબ્ધપ્રતિષ્ઠિત અને નવ ઉન્મેશી સર્જકોની તરોતાજા રચનાઓની સુંદર પ્રસ્તુતિ થશે.

આ કાર્યક્રમમાં મણીલાલ હ પટેલ, કેશુભાઈ દેસાઈ, યોગેશ જોષી, ઉષા ઉપાધ્યાય, રવિન્દ્ર પારેખ, ધ્વનિલ પારેખ, પારુલ બારોટ, પ્રતાભસિંહ ડાભી, રવજીભાઈ ગાબાણી, તેજસ દવે, નિરંજન શાહ નીર, કલ્પેશ પટેલ ઉપસ્થિત રહેશે તેમ સંસ્થાના અધ્યક્ષ નટવર હેડાઉ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# આઈઆઈટીઈના સત્તા મંડળોએ ૪૦ બીએડ કોલેજોને આપ્યું કાયમી જોડાણ

- **આઈઆઈટીઈની એકેડેમિક તથા એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટીંગમાં લેવાયેલા મહત્ત્વના નિર્ણય**
- **આઈઆઈટીઈ સાથે જોડાયેલ કોલેજોના આચાર્યો સહિત કુલ ૨૦૭ અધ્યાપકોને યુનિવર્સિટી દ્વારા માન્યતા આપવામાં આવી**

ગાંધીનગર, તા. ૨૦ ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાન (Indian Institute of Teacher Education - IITE) ગાંધીનગરના સત્તા મંડળો દ્વારા ૨૦ ઓગસ્ટના રોજ મળેલી બેઠકમાં રાજયની ૩૯ સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ બીએડ તથા પોરબંદરના જિલ્લા શિક્ષણ તાલીમ ભવન (ડિસ્ટ્રીક્ટ ઈન્સ્ટિટયુટ ઓફ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ - ડાયેટ)ને કાયમી જોડાણની મંજૂરી આપી છે.

ટીચર યુનિવર્સિટી તરીકે જાણીતી આઈઆઈટીઈની એકેડમિક કાઉન્સિલ તથા એક્ઝિયુટીવ કાઉન્સિલની બેઠક ૨૦ ઓગસ્ટના રોજ કુલપતિ ડૉ. હર્ષદ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. રાજય સરકારના આદેશ અનુસાર જૂન ૨૦૨૦માં આઈઆઈટીઈ સાથે જોડાયેલી કુલ ૩૯ સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ બીએડ કૉલેજોને એ સમયે કામચલાઉ જોડાણ આપવામાં આવ્યું હતું. આજે મળેલી યુનિવર્સિટીના સત્તામંડળોની બેઠકમાં આ ૩૯ બીએડ કૉલેજો તથા પોરબંદરના જિલ્લા શિક્ષણ તાલીમ ભવનને કાયમી જોડાણની મંજૂરી આપવામાં આવી છે.

આ વિશે માહિતી આપતા આઈઆઈટીના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું કે, 'ટીચર યુનિવર્સિટી સાથે સંકળાયેલી સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ બીએડ કૉલેજો દાયકાઓથી રાજયમાં શિક્ષક પ્રશિક્ષક કરી રહી છે. આ ઉપરાંત આ કૉલેજો યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)ની ૨ (બી) તથા ૧૨ (એફ) જેવા નિયમો હેઠળની જરૂરી મંજૂરીઓ પણ ધરાવે છે. આથી આ તમામ કૉલેજોને આઈઆઈટીઈ સાથે કાયમી જોડાણ આપવામાં આવ્યું છે, જેથી તેમને દર વર્ષે યુનિવર્સિટી સાથે પુનઃજોડાણની પ્રક્રિયામાંથી મુક્તિ મળશે.'

આ ઉપરાંત આઈઆઈટીઈ સત્તા મંડળો દ્વારા સંલગ્ન બીએડ કૉલેજોના ૨૦૭ અધ્યાપકોને મંજૂરી આપવામાં આવી જેમાં ૧૭ આચાર્યો તથા ૧૯૦ અધ્યાપકોનો સમાવેશ થાય છે.

ડૉ. હર્ષદ પટેલે વધુમાં જણાવ્યું કે, 'કૉલેજોને કાયમી જોડાણ આપવા ઉપરાંત આઈઆઈટીઈ સાથે જોડાયેલ કૉલેજોના ૧૭ આચાર્યો, તથા ૫૭ એસોસિયેટ પ્રોફેસર, ૬૯ આસિસ્ટન્ટ પ્રોફેસર તથા ૬૪ અધ્યાપક સહાયકો એમ કુલ મળીને ૨૦૭ અધ્યાપકોને યુનિવર્સિટી દ્વારા માન્યતા આપવામાં આવી છે.'

આ ઉપરાંત સંલગ્ન કૉલેજોમાં થનારી આચાર્ય તથા અધ્યાપકોની નિમણૂક માટેની પસંદગી સમિતિમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે વિવિધ વિષયના નિષ્ણાતોની યાદીને પણ સત્તા મંડળોએ મંજૂરી આપી દીધી.

## ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા

# 'સ્વચ્છ ભારત મિશન' અને 'ગંદકી મુક્ત ભારત' સપ્તાહ અંતર્ગત આયુર્વેદ પૌધાઓનું વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૨૦ ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકો દ્વારા આયુર્વેફને લગતા વિવિધ પૌધાઓનું વૃક્ષારોપણ કાર્યક્રમ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ ગંદકી મુકત ભારત સપ્તાહ અંતર્ગત કરવામાં આવ્યું છે નોવેલ કોરોના મહામારીમાં કેવી રીતે આયુર્વેદિક દવાના તરીકે ફાયદાકારી હોય છે એવા વિવિધ પ્રકાના છોડ જેવાકે ફુદીનો, તુલસી, ગિલોય, આંવલા, લીંબુ હળદર અને અન્ય મેડીસીન પ્લાન્ટની રોપણી ગામની શાળા, જાહેર જગ્યા અને પોતાના ઘરમાં રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયસેવકો દ્વારા કરવામાં આવ્યું છે પૂજ્ય મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિદ્યાર્થીઓ અને સેવકોને કઈ રીતે પર્યાવરણની સાથે રહી વૃક્ષારોપણની કામગીરી કરે છે તે દર વર્ષે આજુ બાજુની ગામની શાળાઓમાં નાના વિદ્યાર્થીઓને પર્યાવરણની સમજ આપી વિપુલ માત્રામાં વૃક્ષારોપણની કામગીરી કરે છે.





એવી રીતે જ આ વર્ષે પણ નોવેલ કોરોના મહામારીને ધ્યાનમાં રાખી આયુર્વેદ તરીકે વપરાતા વિવિધ પ્રકારના રોપાઓ રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિદ્યાર્થીઓ પોતાના ઘર આંગણે લગાવી રહ્યા છે પરિસરની સફાઈ અને માવજતથી નીકળેલાં કચરાને સજીવ ખાતર બનાવવા માટે ઉપયોગ કરવામાં આવે છે અને સાથે સાથે સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં પણ સ્વયસેવકોએ પોતાના ગામ અને સોસાયટીઓમાં મુખ્ય ભૂમિકા નિભાવી રહયા છે વિશેષમાં જણાવવાનું કે શારીરિક શિક્ષણ વિભાગની રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિધાર્થીઓના સહયોગથી પર્યાવરણ જાગૃત્તિના ક્ષેત્રે ખુબજ સારી પ્રવૃત્તિઓના લીધે આ ગૂજરાત વિદ્યાપીઠના સાદરા પરિસરને વન અને પર્યાવરણ મંત્રાલય, ભારત સરકારની નોડલ એજેન્સી ગીર ફાઉન્ડેશને આ પરિસરને ઈકો ફ્રેન્ડલી પરિસર તરીકે માન્યતા આપવામાં આવી છે અને તેનો સરસ એવો નામ ગાંધી સૃષ્ટિ પરિસર રાખવામાં આવ્યું છે આ પ્રવૃત્તિનું સંપૂર્ણ આયોજન અને સંચાલન ડીનશ્રી ડો. પ્રભુલાલ કાસુન્દ્રા અને પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ અને ડૉ. અરવિંદ ભાઈ રામી દ્વારા કરવામાં આવ્યું છે

# એસ.એસ.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશનનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૦ કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશનની એસ.એસ.પટેલ બી.એડ. કોલેજ સેકટર-૨૩, ગાંધીનગરના ભૂતપૂર્વ તાલીમાર્થીઓ ભવર ગણેશભાઈ વલસાડ જીલ્લાની કપરાડા પ્રાથમિક શાળા અને વિજયકુમાર ટી.ચાવડા બોટાદ જીલ્લાની વનાળી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકેની ફરજ બજાવે છે.





તેમને વર્ષ ૨૦૧૯-૨૦ના દ્વિતીય સત્ર દરમ્યાન સમગ્ર ક્લસ્ટરમાં ઉત્તમ શૈક્ષણિક કાર્ય, શાળાકીય સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ, નાવીન્યપૂર્ણ પ્રયોગો, સામાજિકક્ષેત્રે ઉત્સાહપૂર્વક વિશિષ્ટ યોગદાન આપવા બદલ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ૧૫ ઓગસ્ટના રોજ બેસ્ટ શિક્ષક તરીકેનો એવોર્ડ આપવામાં આવ્યો હતો,જે બદલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ફેકલ્ટી ઓફ અજ્યુકેશનના ડીન પ્રો.વીણાબેન પટેલ,એસ.એસ.પટેલ બી.એડ. કોલેજના એચ.ઓ.ડી.ડૉ. જિજ્ઞાસાબેન જોશી તેમજ સ્ટાફ પરિવારે ગૌરવની લાગણી અનુભવી હતી. તેમજ બંને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.



ભાદરવા મહિનામાં વ્રત, તપ અને જપનો મહિમા છે... તેમાં શ્રદ્ધાળુઓ પુણ્ય કમાવવા માટે પક્ષીઓને ચણ નાખી ધન્યતા અનુભવે છે...

# આજે પણ ચાંદખેડા ગામમાં અણુજાની પ્રથા જળવાઈ છે

ગાંધીનગર, તા. ૨૦

અમદાવાદના ઉપનગર સમા ચાંદખેડાગામમાં આજે સેંકડો વરસ જુની પરંપરાઓને ડીજીટલ યુગમાં પણ ચાલુ રાખી પૌરાણિક શિરસતો જાળવી રાખવામાં આવે છે. હકીકત મુજબ દુધ આપતાં પશુઓ જેવા કે ભેષ, ગાય ની રક્ષા માટે ગામમાં પાંચ દિવસ અણુજા રાખવામાં આવે છે. આ પાંચ દિવસ પોતાના ગાય-ભેંશનું જે પણ દુધ મળે તેનું વેચાણ ના થઈ શકે એને ડેરી કે કોઈ જગ્યા એ પૈસાથી ના વેચી શકાય. જેટલું પણ દુધ હોય તે આડોસ પાડોસ માં જેને ગાય/ભેંશના હોય તેમને કોઈપણ નાણા લીધા વગર વહેંચી દેવાનું હોય છે. દુધ કે તેવી બનાવટનો એક પણ પૈસો કોઈ ના લે.ગામ બહાર પણ દુધ વેચી ના શકાય.

અત્રે એ ઉલ્લેખનીય છે કે પ્રત્યેક ગામમાં કોઈ ગામ ૨:૩:કે ૫ દિવસના અણુજા રાખતા હોય છે. અણુજાના આગળના દિવસે ઉજાણી એટલે ગામજનો માં ઉત્સાહ, ઉલ્લાસ, આનંદનો માહોલ હોય, સારૂ ભોજન બને પ્રત્યેક ઘેર, આ દિવસો દરમિયાન પુરુષ વર્ગ પોતાના બાલ- દાઢી કે હજામત કરાવતા નથી. મહિલાઓ અણુજા દરમિયાન કોઈ અનાજ ના દળી શકે,એટલું જ નહિ ગામની કોંઈપણ વ્યક્તિ બહાર ગામ જાય અથવા બહારથી કોંઈ આવેતો રાત્રિ રોકાણ ના કરી શકાય.

પાંચમા અથવા અણુજાના છેલ્લા દિવસે ગામ ટોળા કે ગામજનોની સૌના સહિયારા માતાજીની ઉજાણી કરી માતાજીને પ્રસાદ અર્પણ કરી સૌ પાકું ભોજન આરોગે છે. ગામમાં સૌ વતી એક મુખ્ય સહિયારું તોરણ બંધાય છે.. આ વરસે કોરોના મહામારીના કારણે તોરણના દર્શન કરવા પોતાના મહોલ્લા માંથી જ કરવા જણાવી સામાજિક અંતર જાળવવા ગામજનો વતી અગ્રણીઓ એ અપીલ કરી છે.

# નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ઈ-વેસ્ટ કલેક્શન અભિયાન

ગાંધીનગર, તા. ૨૦ પ્રાદેશિક કચેરી, જીપીસીબી ગાંધીનગર તથા ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, પ્રેરિત નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, ગાંધીનગરના ઉપક્રમે ઈ-વેસ્ટ કલેક્શન અભિયાનનું આયોજન કર્યું છે.

આપણા રોજીંદા વપરાશમાં બિનઉપયોગી થયેલ અનેક ઈલેક્ટ્રીકલ અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓ જેવી કે બલ્બ, સીએફએલ, એલઈડી, લૅમ્પ્સ, ટયૂબ લાઈટ, ટેલિવિઝન, રેફ્રિજરેટર, વૉશિંગ મશીન, એર કન્ડિશનર, કૉપીઈંગ મશીન, ઈલેક્ટ્રોનિક્સ ટાઈપરાઈટર, ટેલેક્ષ-ફેક્સ મશીન, પ્લેઈન–કોર્ડલેસ ટેલિફોન, સેલ્યૂલર ફોન, આન્સરિંગ મશીન, પ્રિન્ટર કાર્ટીઝ વગેરે ઈ-વેસ્ટ છે. ભારત સરકારે



વર્ષ ૨૦૧૬ થી ઈ-વેસ્ટ મેનેજમેન્ટ નો કાયદો અમલમાં મુકેલ છે જેમાં તમામ હિત ધારકોએ ઈ-વેસ્ટના નિકાલનું વાર્ષિક રીટન ભરવું ફરજીયાત છે.

ઈ-વેસ્ટ ના નિકાલ માટે અધિકૃત રીસાયકલર ઈ-કોલી વેસ્ટ મેનેજમેન્ટ, અમદાવાદના સહયોગથી આગામી તા.૨૩ મી અને ૩૦ ઓગસ્ટ તેમજ ૬ ઠી અને ૧૩ મી સપ્ટેમ્બર ૨૦૨૦, એમ આગામી માત્ર ચાર રવિવારના રોજ સવારે ૧૦:૩૦ થી સાંજના ૪:૩૦ દરમિયાન નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર, બ્લોક નંબર-૬૧/૧, ઘ-ટાઈપ,સેક્ટર-૨૩,ગાંધીનગર ખાતે ઈ-વેસ્ટ સ્વીકારવામાં આવશે.

આથી તમામ નાગરિકો, કેન્દ્ર / રાજ્ય સરકારના વિભાગો, કાર્યાલયો અને કચેરીઓ, સરકારી જાહેર સાહસો, બેંક, શૈક્ષણિક સંસ્થાઓ, મલ્ટીનેશનલ સંસ્થાઓ, ફેક્ટરીઝ અને કંપની, પેઢીઓ, જાહેર અથવા ખાનગી કંપનીઓ તેમજ હેલ્થકેર ફેસિલિટીઝ, દુકાનદારો,ઉદ્યોગો, કારખાના વગેરે સહીત તમામ હિત ધારકોને તેઓનો ઈ-વેસ્ટ નો નિકાલ કરવાની આ તકનો લાભ લેવા જણાવવામાં આવે છે. જે બદલ કાયદાના અનુપાલન માટે નિયત પહોચ પણ આપવામાં આવશે.


# જન્મદિને વધામણી



**તુષાર બારોટ**
નિવાસી તંત્રી, ગુજરાત સમાચાર, ગાંધીનગર
મો. ૯૮૭૯૪ ૮૨૨૩૬



**મધુસૂદન વોરા**
પ્રમુખ, જૈન સોશ્યલ ગ્રુપ



**પરી દીપકભાઈ પરમાર**
મો. ૯૬૨૪૧ ૩૧૩૪૬



**ધ્યાન ઋષિકેશ અમીન**
મો. ૯૪૨૭૩ ૩૭૦૦૭



**વાસુ આર ત્રિવેદી**
મો. ૯૦૯૯૦ ૭૫૧૯૨



**કનુ સોલંકી**
મો. ૯૯૯૮૦ ૪૫૦૧૭



**હર્ષનંદિનીબા રવિરાજસિંહ ગોહિલ**



**ભાવનાબેન વિશાલ મકવાણા**
મો. ૮૭૩૫૮૭૧૦૪૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

**સચેત રહો સુરક્ષિત રહો**